ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સી.એમ. કોન્વોય પૂર્વે હવે રૂટમાં ઢોર પકડ પાર્ટી રાઉન્ડ લેશે !

## રૂટમાં રખડતા ઢોરને ડબ્બામાં કેદ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવાની દિશામાં પોલીસતંત્ર એક્ટીવ મોડમાં આવી ગયું છે. ત્યારે સી.એમ. સુરક્ષામાં માર્ગ વચાળે રખડતા ઢોર પણ જોખમી પુરવાર ન થાય તે માટે સી.એમ. કોન્વોય નીકળતા પહેલા ઢોર પકડ પાર્ટી રાઉન્ડ લઈ રૂટનું નિરિક્ષણ કરશે. આ દરમિયાન અડચણરૂપ થતાં રખડતા ઢોરને ડબ્બામાં કેદ કરી દેવાશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષા વ્યવસ્થાને અપગ્રેડ કરવા કેટલીક મહત્વની બાબતોને ધ્યાને લેવામાં આવી છે. એકબાજુ પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ બી.ડી.એસ.ની ટીમ દ્વારા કેનાલ અને બ્રિજ વિસ્તારમાં જરૂરી ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાત મંત્રી નિવાસથી એરપોર્ટ રૂટ ઉપર મુખ્યમંત્રીની વિશેષ અવર-જવરને ધ્યાને લઈ સલામતીના દૃષ્ટિકોણથી નવતર આયોજન કરવામાં આવ્યું છે. સી.એમ. કોન્વોય પસાર થાય તે પૂર્વે મુખ્યમંત્રીના કાફલાના રૂટમાં ઢોર પકડ પાર્ટી રાઉન્ડ લેશે. આ દરમિયાન માર્ગ વચાળે રખડતા ઢોરને પકડી લેવાશે અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ રાયસણ નજીક માર્ગ વચાળે રખડતા ઢોરના લીધે સી.એમ. કોન્વોયને અકસ્માત નડતા રહી ગયો હતો. જ્યારે આ અકસ્માતને લઈ જિલ્લા પોલીસતંત્ર કક્ષાએથી કોર્પોરેશનને પણ જાણ કરી દેવાઈ છે. જેથી હવે સી.એમ. કાફલો નિયત રૂટમાંથી પસાર થાય તે પૂર્વે ઢોર પકડ પાર્ટી રાઉન્ડ લેશે.

# આસારામની જામીન અરજી અંગે ૨જી ડીસેમ્બરે સુનાવણી

ગાંધીનગર, તા. ૨૨



સુરતની યુવતિના યૌનશોષણ કેસમાં ઝડપાયેલા આસારામના જામીન અરજી ગાંધીનગર કોર્ટે અગાઉ નામંજૂર કર્યા હતા. ગત તા. ૩૦ ઓકટોબરના રોજ આસારામની રેગ્યુલર જામીન અરજી કોર્ટે ખારીજ કરી હતી જયારે આ મામલે સેસન્સ કોર્ટમાં કરી જામીન અરજી રજૂ કરવામાં આવી છે. જામીન અરજી અંગે આગામી તા. ૨ ડીસેમ્બરના રોજ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

## બેસણું



અમારા માતુશ્રી **ઉષાબેન બોરીસાગરનું** દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૩/૧૧/૨૦૧૩ને શનિવારના રોજ સાંજના ૪-૦૦ થી ૬-૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૩૩૮/એ, ચર્ચની સામે, અભિનંદન ફ્લેટ્સની પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર

લિ.

**રતિલાલ બોરીસાગર** **આશિષ એચ. બોરીસાગર**
(પાઠ્ય પુસ્તક મંડળ)



શૈક્ષણિક સત્રનો પ્રારંભ - ગાંધીનગર શહેરમાં શાળા-કોલેજોમાં બીજા શૈક્ષણિક સત્રનો મંગલ પ્રારંભ થયો હતો... ત્રણ સપ્તાહના દિવાળી વેકેશન બાદ આજથી આરંભાતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં જોડાયા હતા. તો શાળાના પટાંગણમાં વિદ્યાર્થીઓની રમત-ગમતની પ્રવૃત્તિથી સમગ્ર વાતાવરણ જીવંત બની ગયું હતું... વેકેશનમાં સુમસામ લાગતા શાળાના પટાંગણો આજથી વિદ્યાર્થીઓના કલરવથી ગુંજતા અને ગાજતા થઈ ગયા હતા. (તસવીર : દિપક જાની)

# જી અને જી-૧ કક્ષાના મકાનોને નવા રૂપરંગ આપવા ૮ કરોડનો ખર્ચ કરાશે

## સે-૧૯, ૨૦, ૨૩ અને સે-૮ તેમજ ૯માં ૪૪ મકાનોનું રીનોવેશન કરાશે

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં જી અને જી-૧ કક્ષાના ૪૪ મકાનોનાં રીનોવેશન હાથ ધરાશે. આ મકાનોને નવા રૂપરંગ આપવા અંદાજિત રૂ. ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોના મરામતનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. 'જ' અને 'છ' કેટેગરી ઉપરાંત ચ અને ચ-૧ અને ગ, ગ-૧ કક્ષાના આવાસોના મજબૂતીકરણ માટે પણ આયોજન કરી દેવાયું છે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસોમાં વસતા કર્મચારીઓ અને તેમના પરિવારજનોને માથે સલામત છત આપવા માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ. ૧૯ કરોડના કામોને મંજુરી આપવામાં આવી છે. જયારે સામાન્ય કેટેગરીના આવાસો ઉપરાંત અફસરો જેમાં નિવાસ કરે છે તેવા જી અને જી-૧ કક્ષાના મકાનોનું રીનોવેશન હાથ ધરવા પણ વિવિધ પાંચ સેકટરોમાં કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ સેકટરોમાં સ્થિત જી અને જી-૧ કક્ષાના ૪૪ જેટલા મકાનોનું મજબૂતીકરણ કરવામાં આવશે જેમાં સે-૧૯માં ૮, સે-૨૩માં ૧૦ મકાનો ઉપરાંત સે-૮, ૯ અન સે-૨૦માં ૨૬ મકાનોની કાયાપલટ કરવામાં આવશે. જી કક્ષાના મકાનોને નવા રૂપરંગ આપવા અંદાજિત ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ મામલે ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરી દેવાતા ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ચૂંટણીમાં ખર્ચ વ્યવસ્થાપન તંત્ર અંગેના અભ્યાસના દસ્તાવેજીકરણ માટે નિમાયેલ કન્સલટન્ટ શ્રીમતિ સત્યવાણી ગંધમ ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ ગાંધીનગર આવી રહ્યા છે.
- ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય શ્રી અશોક પટેલ અને સ્ટે. કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે ટીમ સાથે રાજસ્થાનના ચૂંટણી પ્રવાસે ગયા છે.
- જાતિ આધારિત વસ્તી ગણતરી સંદર્ભે ગઈકાલે યોજાયેલી વિડીયો કોન્ફરન્સ કનેક્ટીવીટીના અભાવે મુલ્તવી રહી હતી.
- ગાંધીનગરની સરકારી કચેરીઓમાં ટાટાના ટેલિફોન બંધ થઈ જવાની ફરિયાદો વધી રહી છે.
- જિલ્લા મહેસુલી કર્મચારીઓનું દિપાવલી પર્વને લઈ આજે સ્નેહમિલન યોજાયું હતું.
- જિલ્લામાં આજથી ખેલ મહાકુંભનો પ્રારંભ થઈ રહ્યો છે.
- રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર માટે આજથી જિલ્લાના કોંગ્રેસી આગેવાનો જુદી જુદી ટુકડીઓમાં રવાના થનાર છે.

# મનપા દ્વારા શાળા આરોગ્ય તપાસ અભિયાન

ગાંધીનગર, તા. ૨૨

શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં શુભારંભ કડી કેમ્પસ સેક્ટર-૨૩ ખાતેથી મેયરશ્રી ગાંધીનગર કોર્પોરેશનના અધ્યક્ષસ્થાનેથી કરવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટન સમારંભમાં કમિશનરશ્રી-મહાનગરપાલિકા, ડેપ્યુટી મેયર, સ્ટે. કમિટી, ચેરમેનશ્રી, શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ, કડી કેમ્પસ ડાયરેક્ટરશ્રી ડૉ. સોમાભાઈ પટેલ હાજર રહેલ હતા. અધિક નિયામકશ્રી (પરિવાર કલ્યાણ) આરોગ્ય વિભાગ, કમિશનરશ્રી (આરોગ્ય)ની કચેરી, શ્રી ડૉ. ધોળકીયા ખાસ ઉપસ્થિત રહેલ હતા.

ઉદ્‌ઘાટન સમારોહની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. દિનેશ બારોટે પ્રેઝન્ટેશન દ્વારા શાળા આરોગ્ય-રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની રૂપરેખા આપેલ તથા ગત વર્ષના રીપોર્ટ અને ચાલુ વર્ષના આયોજન અંગે વિસ્તૃત માહિતી આપેલ. ત્યાર બાદ મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સ્વચ્છતા, કસરત અને પોષણની જરૂરિયાત દર્શાવતું પ્રેરક ઉદ્‌બોધન કરવામાં આવેલ હતું. વિશેષ ઉપસ્થિત રહેલ અધિક નિયામકશ્રી ડૉ. ધોળકિયાએ કડી કેમ્પસના સહયોગ અને આરોગ્યલક્ષી કામગીરી બિરદાવી હતી. તેમણે તમામ વિભાગોને સંકલનમાં રહી શાળા આરોગ્ય કાર્યક્રમના ઉદ્દેશોને

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com